જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૦/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૮૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૯૨ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ બિયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી.તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૫,૪૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૮૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૮૯/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ નિતીન કાંતીલાલ હાથી (ઉ.વ.૭૫) (રહે. આંગન એપાર્ટમેન્ટ, સમર્પણ ફ્લેટ સામે આઈ.ડી.બી.આઈ. બેન્ક પાસે ગુલબાઇ ટેકરા નવરંગપુરા) એ તા.૨૧/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દિવાળી વેકેશનમાં નાગપુર ખાતે જવાનું હોય રૂમ બુકીંગ માટે તા.૧૯/૧૦/૨૦૨૬ ના રોજ Airbnb નામની એપમાં ઓનલાઈન સર્ચ કરતા ઓનલાઈન ફોર્મમાં પાન કાર્ડનો ફોટો અપલોડ થતો ન હોય, જેથી Customer Care Ahmedabad Air Bnb ના મોબાઈલ નંબર ૬૨૯૧૪૧૮૯૭૪ ઉપર સંપર્ક કરતા મોબાઇલ નંબર ૬૨૯૧૪૧૮૯૭૪ ના ધારકે વિડીયો કોલ તથા વોટ્સ એપ ચેટ કરી, બાદમાં Customer_Support_FUD.apk ના નામથી એક APK FILE મોકલી હતી. જે ફાઈલ ડાઉનલોડ થઈ હતી અને વોટ્સ એપમાં પાનકાર્ડ મોકલી આપેલ હતું. ત્યારબાદ મોબાઈલ નંબર ૬૨૯૧૪૧૮૯૭૪ ના ધારકે વોટ્સ એપ કોલ ચાલુ રાખી રૂમ રિઝર્વેશન થયાનો સ્ક્રીન શોર્ટ માંગતા તેઓને મોકલી આપેલ દરમ્યાન બીજા મોબાઇલ નંબર ૯૪૧૪૨૨૯૫૫૮ ઉપરથી Bank of India pension card verification online નામની APK FILE મોકલી આપતા, તે APK FILE ટચ કરતા ફોનમાં BOI ની બેંકિંગ એપ ડાઉનલોડ થઈ ગયેલ હતી, જે એપ નિતીન હાથીએ ડીલીટ કરી દીધી હતી, ત્યારબાદ તા.૨૦/૧૦/૨૦૨૬ ના રોજ નિતીન હાથી ના BOI બેંક ખાતામાંથી રૂપિયા ૧૧,૮૦૦/– ડેબીટ થયાનો મેસેજ આવેલ હતો અને ખાતામાં બેલેન્સ ઓછું બતાવેલ હતુ, જેથી બેંકમાં સંપર્ક કરી બેંક ખાતા બ્લોક કરાવેલ અને ત્યારબાદ બેંકનું સ્ટેટમેન્ટ જોતા અજાણી વ્યક્તિએ બેંક ખાતામાંથી તા.૧૯/૧૦/૨૦૨૬ થી તા.૨૦/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ૧૭ ટ્રાન્ઝેકશન દ્વારા કુલ રૂપિયા ૯,૭૭,૮૦૦/– ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.ડી.ચાવડા ચલાવે છે.

ક્રાઈમ બ્રાન્ચઃ હિરેનકુમાર ચીનુભાઈ ગાંધી (ઉ.વ.૫૧) (રહે. ઉત્સવ એલીગન્સ ભુચંગદેવ ચાર રસ્તા સોલા રોડ) એ તા.૨૧/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે ઓગષ્ટ/૨૦૨૪ થી ઓક્ટોબર/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાયાન નવરંગપુરા સ્ટેડીયમ રોડ ગોપી ડેરી સામે આવેલ આભુષણ કોમ્પ્લેક્ષ પ્રજા ગ્રાફીક્સ નામની કંપની ખાતે (૧) રોનક પ્રમોદભાઈ ભાવસાર (૨) જાગૃતિબહેન પ્રમોદભાઈ ભાવસાર (બન્ને રહે. સુકુન રેસીડન્સી, સિલ્વર સ્ટાર ચાર રસ્તા પાસે ચાંદલોડીયા) એ ભેગા મળી પોતે પ્રતિષ્ઠીત વેપારી હોવાનુ જણાવી હિરેનકુમાર ગાંધીના પત્ની શાર્પ ડીઝાઈન કંપનીનું કામ સંભાળતા હોય તે કંપનીના નામે પર્ચેસ ઓર્ડર અપાવી સાથે મળી કામ કરવાનો વિશ્વાસ આપી એઈમ ફાર્મા અને રેજીન ફાર્મા અસ્તીત્વમાં ના હોવા છતા તે કંપનીના ખોટા પર્ચેસ ઓર્ડર તેઓના મેઈલ આઈડી દ્વારા હિરેનકુમાર ગાંધીના મેઈલ આઈડી ઉપર મોકલી આપી તે કામ કરવા રો–મટીરીયલ્સ લાવવા માટે હિરેનકુમાર ગાંધી પાસેથી રૂપિયા ૩૫,૩૪,૫૫૫/– મેળવી લઈ રો–મટીરીયલ્સ નહી લાવી આપી અને પૈસા પણ પરત નહી આપી તેમજ આરોપી જાગૃતિબહેન પ્રમોદભાઈ ભાવસારની પ્રજા ગ્રાફીક્સના બ્રોસર, પ્રિન્ટીંગ ડીઝાઈનના રૂપિયા ૧૨,૦૨,૮૧૦/– નું કામ કરાવી તેના રૂપિયા પણ નહી આપી કુલ રૂપિયા ૪૭,૩૭,૩૬૪/– નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.ઈ.શ્રી કે.કે.ડીંડોર ચલાવે છે.

દરીયાપુરઃ ગુલામનબી રસુલમીયા શેખ (ઉ.વ.૬૫) (રહે. નગીના પોળ તંબુ ચોકી પાસે દરીયાપુર) એ તા.૨૧/૧૦/૨૦૨૬ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૬ ના રોજ મોબાઈલ નંબર ૯૧૮૧૯૬૨૫૪૮ ના ધારકે ગુલામનબી શેખનાઓને ફોન કરી મુંબઈથી બેન્ક ઓફ બરોડા માંથી વાત કરતા હોવાની ઓળખ આપી ગુલામનબી શેખ નાઓનું પેન્શન કાર્ડ બનાવી આપવાની વાત કરી ગુલામનબી શેખનાઓના વોટ્સ એપ પર એક BOB BANK SENIOR CITIZEN VERIFICATION APK નામની ફાઈલ ઈન્સ્ટોલ કરાવી જેમાં નામ, મોબાઈલ નંબર, એમ.પીન, ટી.પીન વગેરે વિગત મેળવી લઈ મોબાઈલ ફોન હેક કરી ગુલામનબી શેખના બેન્ક ખાતામાંથી કુલ રૂપિયા ૨,૪૦,૦૦૦/– ટ્રાન્ઝેક્શન કરી લઈ છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એમ.ચૌધરી ચલાવે છે.

કૃષ્ણનગરઃ ધર્મેશકુમાર મગનલાલ ગજેરા (ઉ.વ.૩૯) (રહે. સોમેશ્વર પાર્ક વેણુગોપાલ સોસાયટી પાસે ઉમા સ્કુલ સામે નવા નરોડા) એ તા.૨૧/૧૦/૨૦૨૬ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૧૦/૨૦૨૬ ના રોજ અજાણી વ્યક્તિએ ધર્મેશકુમાર ગજેરા નાઓનો મોબાઈલ ફોન હેક કરી ઈન્ટરનેટના માધ્યમથી ધર્મેશકુમાર ગજેરાના અલગ–અલગ બેંક ખાતામાથી કુલ રૂપિયા ૩,૭૦,૬૩૬/– ટ્રાન્સફર કરી લઈ ઠગાઇ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એચ.જોષી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૯૦/૨૦૨૬**

ઘાટલોડીયાઃ ઘાટલોડીયા ગામ બ્રહ્માણીમાતાના મંદીર પાસે વિનાયક એપાર્ટમેન્ટ ખાતે રહેતા રમણલાલ ગૌતમજી કિર નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૧/૧૦/૨૦૨૬ બપોરના ૦૧/૧૩ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રવિભાઈ કાનજીભાઈ ચલાવે છે.

બાપુનગરઃ બાપુનગર રાજેન્દ્ર પાર્ક ચાર રસ્તા પાસે અંબિકા વે બ્રીજની બાજુમાં ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શ્રમજીવી વસાહત દુકાન ખાતે કામ કરતા દિનેશ ઈશ્વરલાલ પીંગળે (ઉ.વ.૪૧) (રહે. રમણલાલ જોશીની ચાલી ગૌસ્વામી ફ્લેટ નજીક ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૦/૨૦૨૬ બપોરના ૦૩/૩૦ વાગ્યા પહેલા દુકાનની અંદર પંખા સાથે પટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.કે.દેસાઇ ચલાવે છે.

ઈસનપુરઃ ઈસનપુર ઘોડાસર જીવણ પાર્ક સામે મહાલક્ષ્મી સોસાયટી ખાતે રહેતા મહેશભાઈ ગોરધનભાઈ કાછીયા નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૧/૧૦/૨૦૨૬ કલાક ૦૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.દામા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી